# સમજુલક્ષ્મી માધવલાલ પ્રસુતિ ગૃહ
# પીજ ભાગોળ,નડીયાદ

## :- ઓનલાઈન ટેન્ડર અંગેની શરતો તથા માહિતી :-

આ સાથે ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે સમજુલક્ષ્મી માધવલાલ યાજ્ઞિક ટ્રસ્ટ સંચાલિત સમજુલક્ષ્મી હોસ્પિટલ માટે દવાઓ તથા સર્જીકલ આઈટમોના ભાવ ઓનલાઈન ટેન્ડરથી મંગાવવામાં આવે છે. દવાઓનું લિસ્ટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.,જેમાં નિયત સમયમર્યાદામાં ભાવ ભરી મોકલી આપવાના રહેશે. અન્ય શરતો તથા જરૂરી માહિતી નીચે મુજબ છે.

1) તા. ૦૮/૦૪/૨૦૨૪ થી ૧૩/૦૪/૨૪ દરમ્યાન સવારે ૧૦:૦૦ – સાંજે ૬:૦૦ દરમ્યાન યુઝર.આઇ.ડી તથા પાસવર્ડ સંસ્થાના કાર્યાલયેથી લેવાનો રહેશે. ટેન્ડર ફી (બાનાની રકમ) ૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર)છે. જે ચેકથી જ સ્વીકારાશે. ચેક <u>સમજુલક્ષ્મી માધવલાલ પ્રસુતિગૃહ</u> ના નામનો આપવાનો રહેશે. ટેન્ડર ફી નોન-રિફંડેબલ છે.યુઝર.આઇ.ડી.તથા પાસવર્ડ આપવાની છેલ્લી તારીખ ૧૩/૦૪/૨૪ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી છે.
2) યુઝર.આઇ.ડી.તથા પાસવર્ડ લેવા માટે સીલબંધ કવરમાં તમારી કંપનીના ઓરીજીનલ લેટર પેડ પર અરજી કરી યુઝર.આઈ.ડી.તથા પાસવર્ડ લેવા આવનારનું નામ દર્શાવવાનું રહેશે તથા કંપનીના જી.એસ.ટી સર્ટીફીકેટ તથા ડ્રગ લાયસન્સની કોપી બીડવાની રહેશે.
3) ઓનલાઈન ટેન્ડર તા. ૧૪/૦૪/૨૪ રાત્રે ૧૨:૦૦ કલાક સુધી જ ભરી શકાશે,તથા હાર્ડકોપી તા. ૧૫/૦૪/૨૪ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી જ સંસ્થાના કાર્યાલયે સ્વીકારાશે.,તે સમય પછી કોઇપણ સંજોગોમાં ટેન્ડર સ્વીકારવામા આવશે નહી. ટેન્ડર રૂબરૂ,કુરિયરથી નિયત સમય સુધી જ સ્વીકારાશે,લેઇટ આવનાર પ્રતિનિધિ તથા કુરિયર ડીલીવરી માટે સંસ્થાની જવાબદારી રહેશે નહીં.
4) ટેન્ડર સીલબંધ કવરમાં આપવાનું રહેશે.કવર ઉપર **૨૦૨૪-૨૫ના વર્ષ માટે દવાઓનું ટેન્ડર** તેમ લખવાનું રહેશે,ટેન્ડરમાં દર્શાવેલ દવાઓના જ ભાવ આપવાના રહેશે,તે સિવાય બીજી વધારાની દવાના ભાવ આપવાના નથી,આ ટેન્ડરમાં ISO 9000 વાળા સ્ટાન્ડર્ડ માન્યતા મળેલ દવાઓની કંપની તથા સારી ગુણવતાવાળી દવાઓના ભાવ જ ભરવા.તમામ આઇટમોમાં કંપનીના નામ,એમ.આર.પી ફરજીયાત દર્શાવાની રહેશે.
5) દવાઓના કન્ટેન્ટ સામે દવાઓના ભાવ ભરવા જરૂરી છે,એની બાજુમાં કંપનીનું નામ અવશ્ય લખવું.
6) ટેન્ડરના ભાવ અત્રેની સંસ્થા બેઠા(ડોર ડીલીવરી)તમામ પ્રકારના ચાર્જ સાથેનો રહેશે,સ્ટ્રીપનો જથ્થો દર્શાવવાનો રહેશે.પેકિંગ,ફોરવર્ડીંગ તથા પરિવહન ચાર્જીસ અલગથી ચૂકવામાં આવશે નહી.જેનેરિક દવાઓના ભાવ ભરી શકાશે નહી.
7) ટેન્ડરના ભાવ માંગ્યા મુજબ યુનિટમાં આપવાના રહેશે.દવાઓનો ઓર્ડર જરૂરિયાત મુજબ દર મહિને/પંદર દિવસે ફોનથી આપવામાં આવશે,ઓર્ડરનો જથ્થો ઓછામાં ઓછા સમયમાં મોકલવાનો રહેશે.
8) માલનું ઇન્સ્પેકશન સંસ્થા દ્વારા કર્યા બાદ જ માલ સ્વીકારવામાં આવશે અને ત્યારપછી ચુકવણી અંગેની કાર્યવાહી કરવામાં આવશે,કોઈ કારણસર માલ રિજેકટ થશે તો સંબંધિત પાર્ટીઓએ પોતાના ખર્ચે અને જોખમે પરત લઇ જઈને માલ બદલી આપવાનો રહેશે. ટેન્ડરમાં દર્શાવેલ કોઇપણ આઈટમનું સેમ્પલ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.
9) કોઇપણ કારણ દર્શાવ્યા વિના કોઇપણ એક જ કે બધા જ ટેન્ડર અથવા ટેન્ડરનો ભાગ રદ કરવો,માન્ય કરવો,ફરીથી ટેન્ડર બહાર પાડવો- તેનો આખરી નિર્ણય આ સંસ્થાના વડાનો હક અબાધિત રહેશે,
10) સદર ટેન્ડર માટે ન્યાયનું ક્ષેત્ર નડીયાદ રહેશે.

## સમજુલક્ષ્મી માધવલાલ પ્રસુતિ ગૃહ
## પીજ ભાગોળ,નડીયાદ

11) ઉપરોક્ત શરતો સિવાય પાર્ટીએ ટેન્ડરમાં જણાવેલ સિવાય કોઇપણ શરત માન્ય રાખવામાં આવશે નહી.
12) બેસ્ટ ઈન્ડીમેક,એઝલાઇક જેવા રીમાર્કવાળા ભાવો માન્ય રાખવામાં આવશે નહી.મેઇક જણાવી ભાવ દર્શાવવા જેથી ભાવ સરખામણીમાં અનુકુળતા રહે,મેઇક દર્શાવ્યા સિવાયના ભાવો રદ થશે.
13) ટેન્ડરમાં આવેલ આઈટમ સિલેકટ કરવાની પૂરી સતા સંસ્થાની રહેશે,તેમાં કોઇપણ સપ્લાયરની દખલગીરી માન્ય રાખવામાં આવશે નહી.
14) વખતોવખત કંપની તરફથી આપવામાં આવતી કોઇપણ સ્કીમ અમારી હોસ્પિટલને ફરજીયાત આપવાની રહેશે,જે દવાઓમાં સ્કીમ હશે તે દવાઓનો નેટ રેટ ભરવાનો રહેશે.જો કંપનીમાં તપાસ કરતા ગેરવર્તણુક માલુમ પડશે તો તે સપ્લાયરને રદ કરવામાં આવશે.
15) કેશ પેમેન્ટની શરત માન્ય રાખવામાં આવશે નહી,માત્ર સંસ્થાના ધારાધોરણ મુજબ બિલ મંજુર થયે ચૂકવણી થશે.

ઉપરની તમામ શરતો મને માન્ય છે.

તા.   /    /૨૦૨૪

કંપનીનું નામ :-

પ્રતિનિધિનું નામ,હોદ્દો  તથા સહી :-

**ઉપરના આ ૧૫ મુદાઓની પ્રિન્ટ લઇ તેના પર તારીખ ,સહી તથા કંપનીના સ્ટેમ્પ સાથે ટેન્ડરમાં મુકવાના  રહેશે.**

**સામેલ- દવા તથા સર્જીકલ આઈટમોનું લિસ્ટ**